| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ | ૧૩/૦૫/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૩/૦૫/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૧૫/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | | | |
| વર્ષ ૦૦ | માસ ૦૦ | દિવસ ૦૩ | |

सत्यमेव जयते

**અંકલેશ્વરના વિ. ચોથા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબની કોર્ટમાં,**

**મુકામ : અંકલેશ્વર**

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર : ૩૧૮/૨૦૨૬</u>**

**આંક :**

**અરજદાર:–** **રણજીતભાઈ સોમાભાઈ વસાવા**

રહે. ઉમધરા નવુ ફળીયુ, તા.ઝઘડીયા, જી.ભરૂચ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :– શ્રી સ ર કા ર**

==========================================

અરજદાર/આરોપી તરફે વિ.વકીલ................................શ્રી ડી.ડી.મિસ્ત્રી

સામાવાળા તરફે વિ.એ.પી.પી....................................શ્રી જે.બી.પંચાલ

==========================================

**<u>–: ચુ કા દો :–</u>**

૧. આ કામના અરજદાર/આરોપી સામે રાજપારડી પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજી.નં .૧૧૧૯૯૦૫૭૨૪૦૪૪૩/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમ–૩૦૨,૩૦૭,૧૨૦(બી), ૨૭૯, ૪૨૭ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. આ ગુન્હાના કામે પોલીસે આરોપીની ધરપકડ કરતા જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલા છે. અરજદારે હાલની અરજી વચગાળાના જામીન મુકત થવા માટે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ આ અરજી દાખલ કરેલી છે.

૨. અરજદાર તરફે વિ.વકીલશ્રી ડી.ડી.મિસ્ત્રીને સાંભળ્યા. શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.બી.પંચાલને સાંભળ્યા, રેકર્ડ વંચાણે લીધુ.

૩. હાલ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીની એવી રજુઆત છે કે, હાલના કામે આરોપી સામે ઉપર જણાવ્યા મુજબનો ગુન્હો દાખલ થયેલ છે. સદર ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ થતા જેનો સેસન્શ કેસ નં. ૬૦/૨૦૨૪ થી પડી ગયેલ છે. અરજદાર તરફે રજુઆત છે કે, અરજદાર તા.૨૧/૦૬/૨૦૨૪ થી જયુડીશીયલ કસ્ટડીમા છે. અરજદાર/આરોપીના માતા પિતા વયોવૃધ્ધ ઉંમરના છે અને ૩ બાળકોના પિતા છે. અરજદાર/આરોપીના પિતા સોમાભાઈ વસાવાનાઓ ૭૦ વર્ષના વયોવૃધ્ધ ઉંમરના છે અને તેઓની તબિયત નાદુરસ્ત છે અને માતા સોમીબેન સોમાભાઈ વસાવા હાલ ૬૫ વર્ષના હોય અને તેઓની તબિતય નાદુરસ્ત હોય અને તેઓ હાલ કસ્તુરબા હોસ્પિટલ ઝઘડીયા મુકામે દાખલ કરેલા હોય જેથી નાણાનુ આયોજન કરવાનુ હોય તેમજ અરજદાર સિવાય ઘરમા કમાનાર કોઈ ઈસમ નથી. જેથી વચગાળાના દિન- ૩૦ માટે નાણાનુ આયોજન કરવા માટે જામીન પર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમા રજુઆત છે કે, સદર કામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને અરજદારની હાજરીની કોઈ જરૂરીયાત નથી. સદર કામેથી હજી ફરીયાદપક્ષ તરફે પુરાવાનુ લીસ્ટ રજુ થયેલ નથી તેમજ એફ.એસ.એલ.માંથી મુદ્દામાલ આવેલ નથી અને તેથી ટુંક સમયમાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ થાય તેવી શકયતા નથી. તે સંજોગોમાં અરજદાર લાંબા સમયથી જયુડીશીયલ કસ્ટડીમા છે ની વિગત ધ્યાને લઈ હાલની અરજી મંજુર કરવી જોઈએ. વધુમાં અરજદાર નામ.કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરીશુ. અરજદાર કયાંય નાસી, ભાગી જાય તેવા ઈસમ નથી. અરજદારને રહેવાને ચોકકસ સ્થાન છે. જેથી વચગાળાના જામીન પર મુકત કરવા જોઈએ.

૪. હાલના કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.બી.પંચાલની રજુઆત છે કે, અરજદાર સામે ગંભીર પ્રકારનો ગુનાનો આક્ષેપ છે. અરજદાર/ આરોપીએ એકબીજાની મદદગારીમાં ફરીયાદી તથા સાહેદોને માર મારી તેમજ અનિલભાઈને માથાના ભાગે તેમજ દાઢીના ભાગે માર મારી ગંભીર ઈજાઓ પહોં ચાડી મોત નિપજાવી નાસી ગયેલ છે. આ કામના અરજદાર/આરોપીનો સ્પષ્ટ રોલ દર્શાવવામાં આવેલ છે. ફકત નાણાનુ આયોજન કરવા માટે જામીન પર મુકત કરી શકાય નહી. અરજદાર/આરોપીની વચગાળાની જામીન અરજી મંજુર કરવામાં આવે તો ફરીથી આવા પ્રકારના ગુનાઓ કરવાની શકયતાઓ રહેલ છે. વધુમાં હાલના અરજદારને વચગાળાના જામીન પર મુકત કરવામાં આવે અને નાસી, ભાગી જાય તો ફરીથી જલ્દીથી પકડમાં આવશે નહી. જેથી અરજદારની વચગાળાની જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

૫. બંને પક્ષે રજુઆત, રેકર્ડ વિગેરે ધ્યાને લેતાં અરજદાર સામે રાજપારડી પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજી.નં. ૧૧૧૯૯૦૫૭૨૪૦૪૪૩/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમ- ૩૦૨, ૩૦૭, ૧૨૦(બી), ૨૭૯, ૪૨૭ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને જે હાલ સેસન્શ કેસ નં.૬૦/૨૦૨૪ થી પેન્ડીંગ છે. સદર ગુનાના કામેથી આરોપીઓ સામે ઈ.પી.કો કલમ-૩૦૨, ૩૦૭, ૧૨૦(બી), ૨૭૯, ૪૨૭ મુજબનુ તહોમતનામુ ફરમાવવામા આવેલ છે. અરજદારે આ અગાઉ સદર કામેથી ગુજારેલ રેગ્યુલર જામીન અરજી નં. ૨૬૧/૨૦૨૫ ની અરજદારનો સ્પષ્ટ રોલ તેમજ ગુનાની ગંભીરતા ધ્યાને લઈ નામં જુર કરવામાં આવેલી. તે બાદ અરજદારે નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ચાર્જશીટ બાદ ગુજારેલ ફોજદારી પરચુરણ અરજ નં. ૬૭૫૩/૨૦૨૫ નામંજુર થયેલ છે. ત્યારબાદ વિ.પાંચમા એડી.સેસન્શ જજ,અંકલેશ્વરનાઓની કોર્ટમાં વચગાળાના જામીન પર મુકત થવા દાખલ કરેલ ક્રિ.પ.અરજી નં.૪૫૦/૨૦૨૫ નામંજુર થયેલ

છે. ત્યારબાદ અત્રેની કોર્ટમા વચગાળાના જામીન મેળવવા ગુજારેલ ક્રિ.પ.અરજી નં.૬૩૦/૨૦૨૫ નામંજુર થયેલ છે અને ત્યારબાદ નામ.ગુજરાત હાઈકોર્ટમા વચગાળાના જામીન મેળવવા ગુજારેલ ક્રિ.પ.અરજી નં. ૧૫૧૩૨/૨૦૨૫ અરજદારે વીડ્રો કરેલ છે.

અરજદારે આ અગાઉ અત્રેની અદાલતમાં જે વચગાળાના જામીન મેળવવા અરજ ગુજારેલ છે તે નાણાની વ્યવસ્થા કરવાની વિગતે ગુજારેલ છે. જે ગુનાની ગંભીરતા ધ્યાને લઈ નામંજુર કરવામાં આવેલી. અરજદારની અગાઉ નામંજુર થયેલ વચગાળાની જામીન અરજીના કારણોમાં કોઈ ફેરફાર આવેલ હોવાનુ હાલ કહી શકાય તેમ નથી. તેથી અરજદારની તરફેણમાં બી.એન.એસ.એસ.ની કલમ- ૪૮૩ અન્વયેની વિવેકાધીન સત્તા વાપરવી યોગ્ય જણાતી નથી અને તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી **રણજીતભાઈ સોમાભાઈ વસાવા**નાઓની રાજપારડી પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજી.નં.૧૧૧૯૯૦૫૭૨૪૦૪૪૩/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમ-૩૦૨,૩૦૭,૧૨૦(બી), ૨૭૯, ૪૨૭ મુજબના ગુનાના કામે વચગાળાના જામીન પર મુકત થવા દાખલ કરેલ ક્રિ.પ.અરજી(વચગાળાની જામીન અરજી) નં.૩૧૮/૨૦૨૬ આથી "**નામંજુર**" કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા.૧૫ મી, માહે : મે, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૫-૦૫-૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

**( સુનિલ પદમાકર રાહતકર)**
ચોથા અધિક સત્ર ન્યાયાધીશ,
અંકલેશ્વર, કોડ નં.જીજે૦૦૫૮૫

ISS